ડો.આંબેડકર ભવન,દાહોદના બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અબડ/૧૦૧૭/૬૪૩૦૮૨/(ન.બા-૦૬)ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૬/૪/૨૦૧૮

વંચાણે લીધાઃ-

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૩/૧૧/૨૦૧૭ના પત્ર ક્રમાંક-અજાક/મ-૩/૨૦૧૭-૫૬૧૩-૫૬૧૪

ઠ રા વઃ-

ઉપરોકત વંચાણે લીધાં ક્રમ-૧ પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૦૩/૧૧/૨૦૧૭ના પત્રથી ડો.આંબેડકર ભવન, દાહોદના બાંધકામ માટે વર્ષ ૨૦૧૮-૧૯ની નવી બાબતને વહીવટી મંજુરી આપવા માટે રૂ.૧૬૪.૨૫/- (અંકે રૂપિયા એક કરોડ ચોસઠ લાખ પચ્ચીસ હજાર પુરા) ની નવી બાબતને વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. પ્રસ્તુત દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે પ્રસ્તુત દરખાસ્તને નીચેની શરતોને આધીના વહીવટી મંજુરી આપવામાં આવે છે.

(૧) નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણા વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે તાત્કાલિક પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૩) બાંધકામના કામોમાં પીડબ્લ્યુડી મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૪) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયત્રંણ બોર્ડ સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્ય બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૫) આ કામની ડીઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ, માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) શકય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૮) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૯)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પ્રર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૧૦) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો /પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે

(૧૧) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૨) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૩) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

આ અંગેની બજેટ જોગવાઇ, માંગણી નં.૯૫-આયોજન મુખ્ય સદર- ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ અંગે મૂડી, પેટા સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ પેટા સદર-૧૦-SCW-33 (ડો.આંબેડકર ભવનનો /ફાઉન્ડેશન બાંધકામ) હેડ ચાર્જેબલ-૪૨૨૫ ૦૧ ૮૦૦ ૧૦ બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તારીખ-૨૭-૦૩ ૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિષ્ણુ પટેલ)
ઉપસચિવ,
સામાજિક ન્યા અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર.
ઇજનેરશ્રી, (માર્ગ અને મકાન),જિ.દાહોદ
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.દાહોદ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.દાહોદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.દાહોદ
સે.અ.શ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
સે.અ.શ્રી, કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.